એક સ્ટોરમાં એવું બન્યું કે નાતાલની ખરીદી કરી રહેલા લોકોના આનંદમાં વધારો કરવા અઢીસો-અઢીસો ડોલરની થોકડી આ 'દેવદૂતે' તેમને આપવા માંડી.

આ અંગે સ્ટોરના મેનેજરે વાત કરતાં ઉમેર્યું કે, જ્યારે આપણે કોઈને કાંઈ આપીએ છીએ ત્યારે એ ઘણું કરીને આપણી પાસે આવતું હોય છે. નાતાલનો આ તો મર્મ છે.

પ્રભુ ઈસુ મસીહાના જન્મ, જીવન, મૃત્યુમાં પરકાજે જીવતાં રહીને માનવજાતને 'આપવાની ખુશી'નો મહાસંદેશ યથાર્થ છે. જે આપણા સૌનાં જીવન થકી સાકાર થાય એવું પ્રભુ ઈસુ ઇચ્છે છે. ઉત્સાહભેર, ઉમંગભર્યા ગવાતાં ભજનો આપણાં અંતરને એવા જ ભાવથી ભરી દે છે તે!

*"આપી આપીને બેવડ થાય કમાણી,*
*ક્ષમા આપતાં મળે ક્ષમાની લ્હાણી,*
*મૃત્યુમાં મળે અમર જીવનનું દાન,*
*પ્રભુજી એનું રહેજો અમને ધ્યાન,*
*એવું દે વરદાન."*

નાતાલ તથા નૂતનવર્ષના પાવન ઉત્સવે પ્રભુ આપણા દરેકનાં હૈયાં, પ્રેમ, ઉદારતા, કરુણા તથા સદાચારથી ભરી દે એવી સાચા અંતરની પ્રાર્થના! નાતાલનો મર્મ આપણા વિચાર, વાણી અને વર્તન થકી ફળીભૂત થાય તેવી હાર્દિક શુભેચ્છાઓ!

* * *

## નવા વર્ષનાં મંગલાચરણ

❀ ફાધર જેમ્સ બી. ડાભી, એસ.જે. ❀

આજે આપણે વર્ષ, માસ, તારીખ, વાર, કલાક, મિનિટ બાબતે ચોકસાઈવાળા બન્યાં છે. પરંતુ ઠેઠ ઈસુના જન્મથી એવું નહોતું, છતાં એટલું તો અવશ્ય કહી શકાય કે આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે પ્રભુ માનવ બન્યા, યહૂદી સમાજના સભ્ય બન્યા અને ઈસુ નામ ધારણ કર્યું. ટૂંકમાં ઈસુ માનવ બને એ ઐતિહાસિક ઘટનાથી પંચાગ શરૂ થાય છે.

જૂના કરારમાં (ઑલ્ડ ટેસ્ટામેન્ટ) પ્રભુ, યહૂદીઓ અથવા ઈસ્રાયલીઓને આશીર્વાદ આપે છે. એ હકીકતનું વર્ણન કરતો પાઠ નવા વર્ષની પ્રાર્થનામાં પ્રભુ પુરોહિતોના માધ્યમ દ્વારા ભક્તોને નવા વર્ષના પ્રથમ દિવસે ત્રિવિધ આશીર્વાદ આપે છેઃ પહેલો આશીર્વાદ સુખ અને સંભાળનો, બીજો આશીર્વાદ કૃપા અને મહેરબાનીનો અને ત્રીજો આશીર્વાદ પ્રસન્નતા અને શાંતિનો. પ્રભુના આશીર્વાદ ક્યારેય નિષ્ફળ થતા નથી. સમય પ્રભુએ આપેલી ભેટ છે. નવું વર્ષ પ્રભુની ભેટ છે. નવા વર્ષની આ ભેટને પ્રભુ પોતાના આશીર્વાદથી સજાવે છે. આપણે હરખભેર અને આભારવશ અંતરે એ ભેટનો સ્વીકાર કરીએ એ જ યોગ્ય પ્રત્યુત્તર છે.

નવા વર્ષની ભેટ હરખભેર સ્વીકારવાનું કારણ સંત પાઉલ સમજાવે છે. તેઓ કહે છે કે ઈસુના આવવાથી માનવ જાતની ગુલામગીરીનો અંત આવ્યો અને માનવ જાત પ્રભુનું સંતાન બની છે. ગુલામ સ્વતંત્ર નથી હોતો; પુત્ર સ્વતંત્ર હોય છે. ગુલામને વેતન મળે છે; પુત્રને વારસો મળે છે. માનવની ગુલામી આંતરિક અને બાહ્ય છે. માનવ અંતરમાં લઘુતાગ્રંથિથી પીડાતો હોય તો જ્ઞાતિભેદ અસહ્ય બને છે. માનવ અંતરમાં બદલાની ભાવનાથી સળગતો હોય તો બાહ્ય હિંસા તેને ભડકાવે છે. બાહ્ય હિંસા અંતરના ભારેલા અગ્નિને ફેંકે છે. માનવના અંતરની કડવાશ બાહ્ય કડવાશને બહેકાવે છે. બાહ્ય કડવાશ અંતરની કડવાશને વકરાવે છે. આવી વિવિધ પ્રકારની ગુલામીમાંથી મુક્ત કરવા પ્રભુ માનવમાતાને પેટે જન્મ લે છે. ઈસુ નામ ધારણ કરીને માનવના સાથી બને છે. ઈસુનું આપણી વચ્ચેના આગમનનું એકમાત્ર કારણ છે આપણને આપણી સાચી ઓળખ કરાવે છે, આપણે પ્રભુના સંતાન છીએ.

સંત લૂકના શુભસંદેશમાં ભરવાડો બેથલેહેમ ગામમાં જઈને ગમાણમાં સુવાડેલા ઈસુને શોધી કાઢે છે. નવા વર્ષમાં પ્રભુની શોધ મારો કાર્યક્રમ બની શકે છે. હું અત્યારે જે અવસ્થામાં છું તે અવસ્થામાં પ્રભુ મારી પાસેથી કઈ ઇચ્છા રાખે છે? તે મારે જાણવાની છે. એ ઇચ્છા મારે આ ભરવાડોની પેઠે પૂરી કરવાની છે. ગૃહસ્થ જીવનધારી હોઉં તો મારાં જીવનસાથી પ્રત્યેની વફાદારી, માવતર હોઉં તો મારા સંતાનો પ્રત્યેની જવાબદારી અને સંતાન હોઉં તો મારા માવતર પ્રત્યેની જવાબદારી, કર્મચારી હોઉં તો મારી સંસ્થા પ્રત્યેની વફાદારી અને ધાર્મિક હોઉં તો જરૂરિયાતમંદો પ્રત્યેની મારી જવાબદારી, પ્રભુની ઇચ્છા છે. પ્રભુ પોતાની ઇચ્છા વડીલોના સૂચનો દ્વારા, મિત્રોની સલાહો દ્વારા, લોકોની ટીકાટિપ્પણી દ્વારા, જરૂરિયાતમંદોની અરજો દ્વારા અને માનવના અંતરમાં થતી પ્રેરણાઓ દ્વારા વ્યકત કરતા જ રહે છે. નવા વર્ષમાં પ્રભુની ઇચ્છાને પૂરી કરવાની નેમ રાખી પ્રભુની શોધ પાછળની ભૂમિકા બનાવીએ. આપણી અવસ્થા મુજબની શોધો કરતાં જ રહીએ.

નવા વર્ષમાં પ્રાર્થનામાં થોડો સમય ગાળવાનું નક્કી કરીએ. જીવન ખૂબ વ્યસ્ત છે. જીવનની વ્યસ્તતામાંથી સવારે કે સાંજે થોડોક સમય કાઢી લઈએ અને દિવસ દરમ્યાન થયેલા સુખના અથવા દુઃખના અનુભવોને અંગત પ્રાર્થનામાં અથવા કૌટુંબિક પ્રાર્થનામાં વાગોળીએ. આમ કરવાથી અંતરમાં આભારની લાગણી પ્રગટશે, પશ્ચાતાપની લાગણી ફૂટશે, શ્રદ્ધા વધશે, આશા બંધાશે, પ્રભુ પર આધારિત થઈ જવાશે.

પ્રભુ આપણી સાથે છે માટે જ નવું વર્ષ આશાભરપૂર બને છે. આપણા પ્રભુ સંઘર્ષો વચ્ચે સૌંદર્યો સર્જાવનાર છે, ધાર્યું ન હોય એવું કરનાર છે, અત્યંત સમર્થ અને પ્રેમાળ છે. બાહ્ય રીતે ભલે વર્ષ નવું ના લાગે પરંતુ પ્રભુએ કરેલા અંતરમાંના ફેરફારને લીધે સઘળું નવું થાય છે. પ્રભુ આપણને સાજાંભલાં, સુખીસમૃદ્ધ, શાંતપ્રસન્ન જોવા આતુર છે. એટલે જ પ્રભુ આપણા નવા વર્ષને આશીર્વાદથી ભરપૂર કરે છે. પ્રભુને સહકાર આપતાં આપણે પ્રભુની ઇચ્છા પૂર્ણ કરવાની અને પ્રાર્થનામય જીવન જીવવાની પ્રતિજ્ઞા સાથે નવા વર્ષના મંગલાચરણ કરીએ.


I AM THE WAY, THE TRUTH AND THE LIFE

**CATHOLIC INFORMATION SERVICE SOCIETY**

Regd. TRUST No.F/1041/Ahmedabad

Regd. SOCIETY No.Gujarat/1983/Ahmedabad



Ameebela Bldg., Nr Sanman Hotel, Up Income Tax Underbridge, Ahmedabad 380 014

Tel. (079) 27542922 & 27540063 | Cell : 9429516498 | E-mail : cissahd@gmail.com

websites : www.biblegujarat.org




સ્નેહી મિત્રો,

કુશળ હશો.

*'Joy of giving'* અર્થાત્ 'આપવાનું સુખ' એટલે નાતાલ. આપણું જીવન એ પ્રભુએ આપેલી અમૂલ્ય ભેટ છે. એ જીવન અન્ય કાજે જીવીએ એ જ નાતાલનો સંદેશ. પ્રેમ, શ્રદ્ધા, શાંતિ, સેવા અને કરુણાનું પર્વ એટલે નાતાલ. આપણો પ્રેમ, શાંતિ, આનંદ અને સેવા પરસ્પર વહેંચતા રહીએ. આપવું એટલે જ વધવું.

૨૦૨૦નું વર્ષ પ્રભુની અણમોલ ભેટ એને આનંદથી વધાવી લઈ પ્રભુનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ તથા ઈશ્વરની આપેલી બક્ષિસોને અન્યોમાં વહેંચતા રહી જીવનને સાર્થક કરીએ.

નાતાલ તથા નવા વર્ષની શુભકામનાઓ સાથે સપ્રેમ.

**સિસ્ટર પુષ્પલતા, એલ.ડી.એફ.એક્સ.**
નિયામક

## નાતાલનો મર્મઃ આપવાનું સુખ

❀ ઈન્દુ રાવ ❀

દર વર્ષે 'દિવ્ય ભાસ્કર' અખબાર દીવાળીનો ઉત્સવ *'Joy of Giving'* અર્થાત્ 'આપવાનું સુખ' સપ્તાહ હોંશભેર ઊજવે છે. જેમાં બાળકો, યુવાનો, ગૃહિણીઓ, નોકરી કરતી મહિલાઓ, વ્યવસાયીઓ અને વડીલ નાગરિકો પોતે શું આપીને અન્યને મદદ કરી શકે એવી વિગતવાર સમજ આપવામાં આવે છે. (માનું છું કે ઘણા વાંચકો એ જરૂર વાંચતા હશે) એની સાથે પ્રેરણાત્મક ઉત્સાહવર્ધક પંક્તિઓ પણ મૂકવામાં આવે છેઃ 'વહેંચવાથી વધશે ખુશીઓ'.

"દરેક ચહેરા પર હોય સ્મિત, માનવતાનું થાય સન્માન, વહેંચવાથી જિંદગી ખીલે છે અને આપવાનું સુખ મળે છે."

એવું જ અનુસરણ રેડિયો મીર્ચી પણ કરે છે. 'ગુરુવાર ગુર્જરી' અંતર્ગત શહેરીજનોને અપીલ કરવામાં આવી કે, 'દિવાળી અગાઉ ઘરની સાફસૂફી કરતાં તમે જે સારી વપરાશમાં આવે તેવી (ભંગાર નહીં) વસ્તુઓ

કાઢી નાખવાનાં હોય તો બીજાઓ તે ઉપયોગમાં લઈ શકે તે માટે રેડિયો મીર્ચી સ્ટેશને પહોંચાડજો. અમે એ વસ્તુઓ ઓછી કિંમતે વેચાણ કરી જે મૂડી આવશે તેમાંથી ગરીબો માટે જરૂરી ચીજ-વસ્તુઓ, મીઠાઈ લાવીને તેમની સાથે દીવાળી ઉજવીશું'. ખરેખર અન્યને ઉદારતાથી આપવાનું, જરૂરિયાતમંદને મદદરૂપ, સહાયરૂપ થવાનું સુખ આપણને અનેરો આનંદ આપે છે. અનેક માધ્યમો વ્યક્તિને ઉદાર થવા આહ્‌વાન કરે છે.

"આપવાનું સુખ સર્વોપરી હોય છે. તેનાથી મોટી કોઈ ખુશી નથી. કોઈ સુખ નથી. મારા જીવનમાં એનું બહુ મોટું સ્થાન છે. શરૂઆતથી મેં એને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને આગળ પણ કરતો રહીશ. હું માનું છું મારા માટે સૌથી મોટું સુખ એ જ છે કે મારે સમાજ પાસેથી કશું લેવું ન પડે. હંમેશ હું જ સમાજને આપતો રહું. જેટલું જેવું અને જ્યારે પણ મારાથી થાય. સારાથી સારી પરિસ્થિતિમાં પણ અને ખરાબથી ખરાબ પરિસ્થિતિમાં પણ" (દિવ્યભાસ્કરમાંથી સાભાર).

પ્રેમ અને શ્રદ્ધા, શાંતિ અને કરુણાનું પર્વ નાતાલ આપણને અન્યને ખુશી આપવાથી ખુશી મળે છે એવું શીખવે છે. નાતાલની ઉજવણી પાછળનું હાર્દ પણ એ જ છે ને કે, પરમપિતા પરમેશ્વરને માનવજાત ઉપર એટલો બધો પ્રેમ હતો કે તેમણે માનવજાતના તારણાર્થે પોતાના એકના એક પુત્ર ઈસુખ્રિસ્તને જગતમાં મોકલી આપ્યો, 'ઈસુ મસીહા' એ પરમપિતાએ માનવજાતને આપેલી મહા અમૂલ્ય ભેટ! માનવજાત ઉપર વરસાવેલી અસીમ કૃપા! શુભસંદેશના વચનોમાં એનો મર્મ છુપાયેલો છે. ત્યારે દેવદૂતે તેમને કહ્યું, 'ગભરાઈશ નહિ મરિયમ, કારણ ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. જો, તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે તેનું નામ ઈસુ રાખજે. એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે; પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજસિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઈસ્રાયલની પ્રજા ઉપર રાજ્ય કરશે, તેના રાજયનો અંત આવશે નહિ' (લૂક ૧: ૩૦-૩૩).

પ્રભુ ઈસુએ આ જગતમાં માનવ અવતાર લઈને આપણા તારણાર્થે, કલ્યાણાર્થે, વધસ્તંભે જડાઈને મોતને વધાવી લીધું. વહાલું કર્યું તથા મોત પર વિજય મેળવીને ત્રીજે દિવસે સજીવન ઊઠીને, આપણે સૌ અંતિમ દિને પુનરુત્થાન નવજીવન પામવાના એવી દૃઢ શ્રદ્ધા આપણામાં નિહિત કરી છે.

ક્રિસમસનો તહેવાર નજીક આવે એટલે ઘણાં કુટુંબોમાં નાનાં નાનાં ભૂલકાંઓને સાન્તાક્લોઝ દાદાની યાદ આવી જતી હોય છે. તેઓ મમ્મી-પપ્પાને પૂછે છેઃ 'સાન્તાક્લોઝદાદા આ વખતે મારા માટે શું મૂકી જશે?' મમ્મી-પપ્પા હસતાં-હસતાં પૂછી લે પણ ખરાં 'બોલ બેટા, તેઓ તને શું આપે તો ગમે? તેઓ તને ગમતી ભેટ જરૂર આપી જશે.' બાળકોને માટે ક્રિસમસ 'ગિફ્ટ' (ભેટ) મેળવવા માટેની ખુશીઓ-આનંદનો તહેવાર બની રહે છે. એ બાળકો મોટા થાય ત્યારે સાન્તાક્લોઝ દાદાના નામે પોતાનાં મમ્મી-પપ્પા જ એમને માટે ભેટ મૂકી દેતાં હતાં એ વાત જાણતાં તેઓનો મમ્મી-પપ્પા પ્રત્યેનો પ્રેમ ઓર વધી જાય છે. આપણને મળતી ભેટ નાની હોય કે મોટી પરંતુ એમાં વ્યક્તિનો અખૂટ પ્રેમ જ સમાયેલો હોય છે. આપવામાં સુખ છે, ખુશી છે એ જ મહાત્મ્ય નાતાલપર્વમાં સમાયેલું છે.

આપણે સહુ આખી જિંદગી સુખ મેળવવા પાછળ દોડતાં હોઈએ છીએ. જે સુખ ઝાંઝવાનાં જળ જેવું આભાસી, ક્ષણિક હોવા છતાં (સાચુ સુખ નથી તે જાણવા છતાં) એની પાછળ દોડ્યા કરીએ છીએ. હકીકતમાં સાચુ સુખ, ખરી ખુશી નિઃસ્વાર્થભાવે અન્યોને નાની-મોટી મદદ કરવામાં મળતું હોય છે. જેનો આપણને સૌને વારંવાર અનુભવ થતો રહે છે. સમાજની અંદર અન્યોને જુદી જુદી રીતે મદદરૂપ થનારા લોકો ઘણા છે. જેઓને માટે 'સેવા પરમો ધર્મઃ' સેવા શ્રેષ્ઠ ધર્મ-ફરજ બની રહે છે.

અમારી સ્કૂલમાં દર વર્ષે વાર્ષિક પરીક્ષા પૂરી થવાની હોય ત્યારે વેકેશન કેવી રીતે ગાળવું એ માટેની જરૂરી સૂચનાઓ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. તેમાં એક સૂચના એ હોય છેઃ "તમે પરિણામ લેવા આવો ત્યારે તમારા પાઠ્યપુસ્તકો સાથે લઈને આવજો. જે આવતા વર્ષે બીજા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉપયોગી થશે." આ પ્રકારે વિદ્યાર્થીઓના હૃદયમાં ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ, દયા કરુણાની ભાવના જગાવવાનો પ્રયત્ન થાય છે. વિદ્યાર્થીઓ હોંશે હોંશે મદદ કરતા રહે છે. માતા-પિતા અને સ્કૂલમાં સમૂહ ભાવનાથી બાળક આપવાની ભાવના શીખે છે.

મારો સ્વાનુભવ કહું છું. "એકવાર એક જાજરમાન મહિલા મારી કેબીનમાં આવીને કહે, 'મેડમ, મહેશ ભાટી કેવું ભણે છે?' એ બહેનને જોઈને મેં પૂછ્યું, 'કેમ, તમે એના શું થાઓ છો?' (હું એના મમ્મી-પપ્પાને ઓળખતી હતી) 'મેડમ, એની મમ્મી મારા ઘરે કામ કરે છે. એનાં મા-બાપ મજૂરી કરે છે. અભણ છે. હું મહેશની સાથે બીજા ચાર છોકરાંઓના અભ્યાસ તથા ફી વગેરેનું ધ્યાન રાખી ભણાવું છું." સમાજમાં આવા પ્રકારની સેવા કરનારા ઘણા લોકો છે. તેઓને કંઈક કર્યાનું સુખ-આનંદ મળે છે.

અમુક દેવળોની અંદર ક્રિસમસ કે ઈસ્ટરના તહેવાર અગાઉ જાહેરાત કરીને ગરીબ-ગુરબાંને ઉપયોગી થાય તેવી વસ્તુઓ, કપડાં, અનાજ વગેરે ઉઘરાવવામાં આવે છે. જેને જરૂરિયાતમંદ મિશનોમાં પહોંચાડવામાં આવે છે. જો કે આપણે જ્યારે અન્યને આપવાની મદદ કરવાની ઈચ્છા રાખતાં હોઈએ ત્યારે એક વિશેષ બાબત તરફ ધ્યાન આપવું રહ્યું :

"મહેરબાની કરીને બીજાંઓ ઉપયોગમાં ન લઈ શકે તેવી વસ્તુઓ ન આપો. તમે પોતે પણ ઉપયોગ કરી શકો, માત્ર તેવી જ વસ્તુઓ આપો. ત્યારે જ આપવાનું સુખ પ્રાપ્ત થશે." વાસ્તવમાં કરુણા અને પરોપકારભરી સદ્‌ભાવના પ્રભુની નિકટ પહોંચવાનો પંથ છે.

પ્રભુએ આપણને સૌને વિભિન્ન શક્તિઓ બક્ષી છે. એની લ્હાણી કેવી રીતે, ક્યાં અને કોને કરવી એવી વિશિષ્ટ વિવેકબુદ્ધિ પણ પ્રભુએ પ્રદાન કરી છે, એની સાથે સ્વતંત્ર રીતે વિચારવાનું અગત્યનું કામ પ્રભુએ આપણને સોંપી દીધું છે.

ખ્રિસ્તી ગૃહસ્થોને પોતાની આવકનો દસમો ભાગ ચર્ચમાં દાનપેટે આપવાનો નિયમ છે. બાઈબલમાં અનુસંહિતાના ગ્રંથમાં મોશેએ ઈસ્રાયેલી પ્રજાને ધાર્મિક અને સામાજિક કાયદા કાનૂન સમજાવ્યા હતા તેમાં ઈશ્વર સાથેના કરારની શરતો પાળવાનો અનુરોધ કર્યો છે. જેમાં દાન-ધર્મ વિશે ઘણી છણાવટ કરવામાં આવી છે.

દેવળોમાં દાનપેટે મળેલી રકમનો સદુપયોગ ધર્મ અને સમાજના ઉત્થાન માટે થાય છે. દાનધર્મ વિશે શુભસંદેશમાં સમજાવાયું છેઃ

"જ્યારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે તારો જમણો હાથ શું કરે છે એની જાણ તારા ડાબા હાથને થવા ન દઈશ. આમ તારાં દાનધર્મ ગુપ્ત રહેશે, અને ગુપ્ત કર્મોને જાણનાર તારા પિતા તને બદલો આપશે." (માથ્થી ૬: ૩-૪).

ધર્મ અને સમાજને આર્થિક રીતે મદદરૂપ થવાની સાથે આપણને ઈશ્વરદત્ત પ્રાપ્ત થયેલી વિશિષ્ટ શક્તિઓનો સદુપયોગ અન્યોને મદદરૂપ, સહાયરૂપ થવામાં કરી શકીએ છીએ. માનદ્ સેવા આપણને આત્મિક સંતોષ આપે છે. સમાજમાં ઘણા લોકો બાળકો તથા પુખ્તવયનાને ભણાવવાનું, યુવાનોને જરૂરી માર્ગદર્શન આપવાનું, વૃદ્ધો અને માંદાઓની મુલાકાત, જેલના કેદીઓની મુલાકાત લેવી તથા સારવાર કરવાનું, અનાથ કે વિધવાઓને મદદરૂપ થવાનું – જેવાં અનેક કામો ખુશી ખુશી સ્વીકારીને નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરે છે. તેઓ બધાં ખરેખર અભિનંદનને પાત્ર છે. આપણે જોઈએ છીએ કે ધર્મ – સમાજલક્ષી સેવાકાર્યોની કશીયે ખોટ નથી, પરંતુ ખોટ હોય તો તે આપણા માનવ મનની ઉદારતા, નિઃસ્વાર્થતા, સૌજન્ય અને સ્નેહભર્યા વ્યવહારની છે. માનવમાત્રમાં રહેલો સ્વાર્થ માનવીને એકલપેટો બનાવી દે છે. એટલે જ કહેવાય છે કે, 'સ્વાર્થ આગળ પરમાર્થ આંધળો' કવિશ્રી વાડીલાલ ડગલીની પંક્તિઓ આપણને થોડામાં ઘણું બધું કહી દે છેઃ

*'દેજે દેજ ઉર ઉલટથી આવશે એજ પાછું'*

ખરીવાત છે બીજાઓનું, અન્યનું સુખ જોઈને આપણા હૈયામાં હરખ ઊભરાય અને અન્યનું દુઃખ જોઈને આપણા દિલમાં અનુકંપા જાગે ને તેઓના દુઃખમાં સહાયરૂપ થવા દોડી જવાય એમાં જીવનનું સાર્થક્ય છે.

લેખકશ્રી શાંતિલાલ ડગલીના 'આપણા હાથની વાત' પુસ્તકમાં નાતાલના તહેવારનું મહાત્મ્ય પ્રગટ કરતો એક પ્રસંગ 'કોઈપણ આવું કરી શકે' આ લેખની પૂર્તિ કરવા મહત્ત્વનો બની રહે તેમ છેઃ

"અમેરિકાના મિનેસોટા રાજ્યના એક ગામ વિલ્લમરમાં બનેલી સત્ય ઘટનાની આ વાત છે. આ ગામનો લોકો 'નાતાલના દેવદૂત' સમા એક રહસ્યમય માણસ વિશે ઠેરઠેર વાત કરતા હોય છે."

આ 'દેવદૂત' જેવા માણસનો ડ્રેસ પરણવા જઇ રહેલા વરરાજા જેવો હતો. તેણે માથે ઊંચી સફેદ હેટ પહેરી હતી. સફેદ વસ્ત્રધારી અને આછી દાઢીવાળા આ 'દેવદૂતે' દર્પણ જેવાં ગોગલ્સ પહેર્યાં હતાં અને હાથે સફેદ મોજા પહેર્યાં હતાં. તે મોટી સફેદ ગાડીમાં આવીને એકાદ સ્ટોરમાં જતો અને ત્યાં ખરીદી કરી રહેલા કેટલાક લોકોને રોકડ રકમ આપીને ઝડપભેર પાછો ચાલ્યો જતો. આવી હતી એની રીત!

એક સ્ટોરના કલાર્કે આ ઊંચા, શ્યામ અને નમણા 'દેવદૂત' વિશે વાત કરતાં કહ્યુંઃ 'અમારા સ્ટોરમાં એક મહિલા એની દીકરી માટે ગરમ કોટ ખરીદીને પૈસા આપી રહી હતી ત્યાં આ 'દેવદૂતે' એ કોટના પૈસા ચૂકવી દીધા અને ચાલ્યો ગયો. એ મહિલાએ આ ઘટના અંગે કહ્યું કે મારી દીકરી 'દેવદૂત' વિશેની વાત માનતી ન હતી પણ આ ઘટના પછી હવે માનવા લાગી છે. પછી એ મહિલાએ ઉમેર્યું, 'અપાય એટલું બીજાને આપો' એ ઉમદા વિચારનો આ 'દેવદૂત' ફેલાવો કરે છે. હું પણ એમની માફક કરીશ અને એનો ફેલાવો કરીશ.

ઘરવપરાશની રોજિંદી ચીજવસ્તુઓ વેચતા એક સ્ટોરમાં એક મહિલાએ મસમોટી ખરીદી કરી હતી. એ પૈસા આપવા ગઈ તો આ 'દેવદૂતે' પૈસા આપી દીધા. એ મહિલા એને ભેટી પડી અને ઉષ્માભર્યું આલિંગન આપ્યું ત્યાં તો પળવારમાં આ 'દેવદૂત' અદૃશ્ય થઈ ગયો.

આ 'દેવદૂત' વળી, એક સિનેમા ગૃહમાં જઈ ચડયો અને ત્યાં સિનેમા જોવા આવેલા કેટલાક લોકોને એ શોની ટિકિટ ખરીદીને આપી દીધી. બીજા